અપીલ અરજી નં.૧૧૭ તા.૨૭–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની આઈ ડી નં.૨૧૫ તા.૨–૬–૦૯ ની અરજીથી સબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા. ૨૩–૪–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી મુજબ તમામ મિલ્કતદારોના જવલનશીલ પદાર્થ (કેમીકલ), લાયસન્સ રીન્યુ કરવામાં આવે છે કે કેમ? અને લાયસન્સ રીન્યુ કરાયા હોય તો કયા કારણસહ? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૭–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૭/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ.પટેલની આઈ ડી નં.૨૧૫ તા.૨–૬–૦૯ ની અરજીથી સબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા. ૨૩–૪–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી મુજબ તમામ મિલ્કતદારોના જવલનશીલ પદાર્થ (કેમીકલ), લાયસન્સ રીન્યુ કરવામાં આવે છે કે કેમ? અને લાયસન્સ રીન્યુ કરાયા હોય તો કયા કારણસર? તેની માહિતી આપવા બાબતે અન્ય વિભાગોની માહિતી મળેલ ન હોવાથી તેમજ ખોટી રીતે તથા ગેરકાયદેસર રીતે લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે? શા માટે?તેવું જણાવી તા.૨૯–૬–૦૯ ના રોજ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૪૫૯ તા.૧–૮–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૪–૦૯ ના રોજ ખાતાકીય કરેલ અરજીથી વોર્ડ નં.૪ ઘર નં.૨૮૪,૨૯૪,૩૦૭,૩૫૨–બી, ૩૬૦, ૩૭૩,૪૪૦ વાળી મિલ્કતમાં વસવાટની પરવાનગી લેવામાં આવેલ નથી અને મહાનગરપાલિકાએ આરોગ્ય ફાયર વિભાગે આપેલા લાયસન્સ રીન્યુ ન કરવાની રજૂઆત કરેલ. જેના સંદર્ભે તા.૨–૬–૦૯ ના રોજ આરટીઆઈ હેઠળ અરજી કરીને લાયસન્સ રીન્યુ કરવામાં આવ્યા છે કે કેમ? અને લાયસન્સ રીન્યુ કરાયા તો કયા કારણસર? જે અંગે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૭૭ તા.૨૯–૬–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અપીલ અરજી કરી ગુમાસ્તા ફાયર અને આરોગ્ય તરફથી માહિતી મળેલ નથી તેમજ ખોટી રીતે લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે શા માટે? તેમજ બીપીએમસી એકટની કલમ–૩૭૬(૧) મુજબ થોડી માત્રામાં સંગ્રહ કે વેચાણ આપવાની જોગવાઈ છે તેવું જણાવી ગેરકાયદેસર વપરાશ કરે છે તેવું જણાવી તેની કાર્યવાહી શા માટે ન કરી લાયસન્સ રીન્યુ કરવા તથા તા.૧૬–૪–૦૭ ના રોજ મ્યુ.કમિશનરશ્રીને મિલ્કતદારના લાયસન્સ સંગ્રહ વપરાશની રીન્યુ ન કરવા માટે અરજીને ધ્યાને લઈ ગેરકાયદેસર રીન્યુ કરવામાં આવ્યા શા માટે? વિગેરે રજૂઆત કરેલ છે.

અરજદારે મુળ અરજીમાં લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતે વોર્ડ નં.૪ ૩૫૨–બી, ૩૭૩ તેમજ ૪૪૦ માં ગેરકાયદેસર જવલનશીલ પદાર્થોનો સંગ્રહ/વપરાશ કરતાં હોવાથી મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સર્વે નં.૪/૨૯૪, ૩૬૦ અને ૨૮૪ વાળી મિલ્કતમાં લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે. તથા બીજા પ્રશ્ન લાયસન્સ રીન્યુ કરાયા તો કયા કારણસર? જે અંગે જવલનશીલ પદાર્થોનાસંગ્ર હ/વપરાશ કરવા બદલ દર વર્ષે બીપીએમસી એકટની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ માં ભાગ–૧,૨૩,૪ તથા સુરત મ્યુનીસીપલ રુલ્સના ચેપ્ટર–૦૯ રૂલ ૨૨૫–૨–અ અનુસાર ફી વસુલાત કરવામાં આવે છે. આથી અરજદારને માંગવામાં આવેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં જવલનશીલ પદાર્થોના સંગ્રહ અને વપરાશના લાયસન્સની માંગણી કરેલ છે તેથી ગુમાસ્તાની કરવામાં આવેલતથા ખોટી રીતે લાયસન્સ રીન્યુ કરવાની તથા સંગ્રહની માત્રાની રજૂઆત અપીલ તબકકે કરવામાં આવેલ છે. જે મુળ અરજીથી અલાયદી રજૂઆત કરેલ છે.

અરજદારે અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને કરેલ તથા તેમાં ગુમાસ્તા,આરોગ્ય, શહેર વિકાસ તથા ચીફ ફાયર વિભાગ સ ેન્ટ્રલ ઝોન જણાવેલ. સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારીના તાબા હેઠળના વિભાગના ઉપલક્ષ્યમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા માહિતી આપેલ જણાય છે. ફાયર વિભાગ બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજી તબદીલ થયેલ જણાતી નથી કે તે અંગે અલાયદો ઉલ્લેખ માહિતી પ્રત્યુત્તરમાં નથી. અરજદારની તા.૨૩–૪–૦૭ ની અરજીથી લાયસન્સ રીન્યુ ન કરવા રજૂઆત કરેલ છે જે કાર્યવાહીને લગતી જણાય છે. અરજદાર તેના નિર્દિષ્ટ તા.૧૫–૪–૦૯ ના જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્રની નકલ કે અન્ય આધાર અપીલ સાથે રજૂ કરેલ નથી. તા.૨–૬–૦૯ ની મુળ અરજીથી લાયસન્સની માહિતી તથા રીન્યુના કારણો માંગેલ જે ફાયર વિભાગ સિવાય પૂરા પડાયેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને ફાયર વિભાગ સિવાયની માહિતી પૂરી પડાયેલ છે. પરંતુ ફાયર વિભાગ અંગે કોઈ સ્પષ્ટતા ન હોઈ જો આ પ્રકારની લાયસન્સ ફાયર વિભાગ ધ્વારા અલાયદા ઈસ્યુ થતા હોય તો તેની માહિતી લાગત ખાતામાંથી મેળવી, અન્યથા તે અંગેની દફતરી હકીકતલક્ષી વિગતો મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૧૦ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,